પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૮ | ૧૧ માર્ચ, ૨૦૨૧, ગુરુવાર; મહા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તરાખંડના મુખ્યમંત્રી પદે તીરથ સિંહ રાવત

**શપથ પહેલાં ધારાસભ્ય દળની બેઠકમાં તીરથ સિંહના નામની ઘોષણા કરાઇ : નાના ગામથી આવ્યો છું, વિચાર્યુ નહતું સીએમ બનીશ, અટલજી પાસે પ્રેરણા મળી, બધાને સાથે લઈ ચાલીશ : રાવત**



દહેરાદૂન,તા.૧૦

ઉત્તરાખંડમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલ રાજકીય ગરમાગરમી બાદ બુધવારે ભાજપ સાંસદ તીરથ સિંહ રાવત રાજ્યના મુખ્યમંત્રી બની ગયા. સાંજે ૪ કલાકે રાજભવનમાં આયોજીત સમારોહમાં રાજ્યપાલ બેની રાની મૌર્યએ તેમને સીએમ પદના શપથ અપાવ્યા. આ પહેલા ધારાસભ્ય દળની બેઠકમાં બધા ધારાસભ્યોએ તીરથ સિંહ રાવતને સર્વસંમતિથી પોતાના નામે ચૂંટ્યા હતા. શપથ ગ્રહણ સમારોહમાં કેન્દ્રીય મંત્રી સહિત અનેક મોટા નેતા ઉપસ્થિત રહ્યા હતા.

તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સીએમ પદના શપથ લીધા બાદ તીરથ સિંહ રાવતને શુભેચ્છા આપી છે. તેમણે ટ્વીટ કર્યુ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા પર શુભેચ્છા. તેમની પાસે લાંબો પ્રશાસનિક અને સંગઠનાત્મક અનુભવ છે. મને વિશ્વાસ છે કે તેમના નેતૃત્વમાં રાજ્ય નવી ઉંચાઈઓ પર પહોંચશે.

મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ તીરથ સિંહ રાવતે કહ્યુ કે, હું બધાને સાથે લઈને ચાલીશ. મેં આરએસએસમાં બધાને સાથે લઈને ચાલવાની ટ્રેનિંગ લીધી છે. મેં પૂર્વ પીએમ અટલજીની સાથે કાર્યકર્તાના રૂપમાં કામ કર્યુ. અટલજીએ અમારી સાથે જમીન

● અનુસંધાન પાન-૭ પર

# ૐ નમઃ શિવાય



અજં શાશ્વતં કારણે કારણાનાં શિવં કેવલં ભાસકં ભાસકાનામ્ ।
તુરીયં તમ્ પરામાદ્યન્તહીનં પ્રપદ્યે પરં પાવનં દ્વૈતહીનમ્ ॥

# સંસદના બંને ગૃહોમાં ભાવવધારા મામલે હંગામો

**રાંધણ ગેસના ભાવ સાત વર્ષમાં બમણાં, સબસીડી પણ ખતમ : ભાવ વધારા અંગે કેન્દ્ર સરકારે લોકસભાને માહિતી આપી, છેલ્લા ૩૨ દિવસમાં જ રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૨૫ રૂપિયાનો અધધ વધારો**

નવી દિલ્હી, તા. ૧૦

રાંધણ ગેસ અથવા એલપીજીની કિંમત છેલ્લા સાત વર્ષમાં બમણી થઈ ગઈ છે. વધતા જઈ રહેલા ભાવની સાથે-સાથે મળતી સબસિડી પણ ખતમ થઈ ગઈ છે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં પૂછવામાં આવેલા એક સવાલનો જવાબ લેખિતમાં આપતા કહ્યું કે, ભારત સરકાર તરફથી પેટ્રોલ અને ડીઝલના વેચાણમાંથી ટેક્સ વસૂલાત આ સમયગાળા દરમિયાન વધેલા ટેક્સના પરિણામે સાડા ચાર ગણો વધ્યો છે.



સોમવારે વધતા જતા ઈંધણના ભાવ પર પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ અનુસાર, ૨૦૧૪ની પહેલી માર્ચે એલપીજી સિલિન્ડરનો ભાવ ૪૧૦.૫૦ રૂપિયા હતો અને આ મહિને તે વધીને ૮૧૯ રૂપિયા થયો છે. આ ભાવ દિલ્હીના છે અને અન્ય રાજ્યમાં તે ટેક્સ પ્રમાણે બદલાય છે.માત્ર છેલ્લા ૩૨ દિવસમાં એલપીજી સિલિન્ડરનો ભાવ ૧૨૫ રૂપિયા વધ્યો છે, જેના કારણે મધ્યમ તેમજ ગરીબ વર્ગના પરિવારના બજેટને ફટકો પડ્યો છે.

વધતા જઈ રહેલા ઈંધણના ભાવ અંગે ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે,

● અનુસંધાન પાન-૭ પર

# હરિયાણામાં સરકાર સામેની અવિશ્વાસ દરખાસ્ત ફગાવાઈ

**હરિયાણામાં પણ સરકારને પાડવાના ચક્રો ગતિમાન : આ દરખાસ્તની તરફેણમાં ૩૨ મત પડ્યાં જ્યારે ૫૫ વિધાનસભ્યોએ વિરુદ્ધ મત આપતા દરખાસ્ત ફગાવાઈ**

ચંદીગઢ, તા. ૧૦

હરિયાણાની વિધાનસભામાં આજે મુખ્ય વિપક્ષી દળ કોંગ્રેસ તરફથી ભાજપ-જેજેપી સરકાર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. વિધાનસભાના અધ્યક્ષ જ્ઞાનચંદ ગુપ્તાએ તેના પર ચર્ચા માટે બે કલાકનો સમય નિર્ધારિત કર્યો છે. પ્રશ્નકાળ પૂર્ણ થયા બાદ અધ્યક્ષે મંત્રીમંડળ સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ સ્વિકારી છે. વિધાનસભાના અધ્યક્ષે જણાવ્યું કે, મને વિપક્ષ નેતા અને કોંગ્રેસના ૨૭ અન્ય ધારાસભ્યો તરફથી અવિશ્વાસનો પ્રસ્તાવ મળ્યો છે. અધ્યક્ષે નોટિસનો સ્વિકાર કરી ચર્ચા માટે બે કલાકનો સમય નક્કી કર્યો છે. હુડ્ડાએ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરના નેતૃત્વવાળા હરિયાણા મંત્રિમંડળ સામે અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કર્યો છે. આ દરખાસ્તના સમર્થનમાં માત્ર ૩૨ વોટ પડ્યા હતા જ્યારે વિરુદ્ધમાં ૫૫ ધારાસભ્યોએ મત આપ્યા હતા જેથી આ દરખાસ્ત ફગાવી દેવામાં આવી હતી.

આ પહેલા હુડ્ડાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અવિશ્વાસ પ્રસ્તાવથી લોકોને ખ્યાલ આવશે કે કેટલા ધારાસભ્યો સરકારની સાથે છે અને કેટલા ધારાસભ્યો ખેડુતોની સાથે છે.

# પાકિસ્તાનને સીરમ ઈન્સ્ટિટ્યુટની કોવિશીલ્ડ વેક્સિન અપાશે


**પાકિસ્તાન આખરે ભારતમાં બનેલી રસીથી સ્વસ્થ થશે : સીરમ ઇન્સ્ટિટ્યુટમાં બનતી ઓક્સફોર્ડ એસ્ટ્રાઝેનેકાની કોરોના રસી ગાવીના માધ્યમથી પાકિસ્તાનને ૧.૬ કરોડ ડોઝ મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે**

નવી દિલ્હી,તા.૧૦

પાકિસ્તાનમાં ટૂંક સમયમાં જ ભારતમાં બનેલી કોરોના વેક્સીનના ૧.૬ કરોડ ડોઝ સાવ મફતમાં મળશે. પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં બનાવવામાં આવેલી ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોવિડ-૧૯ રસી ગ્લોબલ એલાયન્સ ફોર વેક્સિન એન્ડ રસીકરણ (ગાવી) દ્વારા પાકિસ્તાનને ઉપલબ્ધ કરવામાં આવશે. જણાવી એ કે આ સંસ્થા ગરીબ દેશોને કોરોના રસી પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે. એવી અપેક્ષા છે કે કોરોના રસીનો પ્રથમ જથ્થો માર્ચના મધ્ય સુધીમાં પાકિસ્તાન પહોંચી જશે. જૂન સુધીમાં રસીના ૧.૬ કરોડ ડોઝ પાકિસ્તાન પહોંચવાની શક્યતા છે. ભારત ૬૫ દેશોને કોવિડ-૧૯ રસી પૂરી પાડવામાં આવી રહી છે. ઘણા દેશોને ગ્રાન્ટના આધારે રસી આપવામાં આવી રહી છે, ત્યારે અન્ય દેશો ભારત સરકારે નક્કી કર્યા મૂજબ તેની કિંમત ચૂકવીને રસી લઈ રહ્યા છે.

ભારતે શ્રીલંકા, ભૂતાન, માલદીવ, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર અને સેશેલ્સ સહિતના ગ્રાન્ટ-ઈન્એઈડ દેશોમાં લગભગ ૫૬ લાખ કોરોના રસીના ડોઝ પૂરા પાડવામાં આવ્યા છે. ભારતમાં બનેલી કોરોના રસી પૂરી પાડવામાં આવેલા દેશોમાં બાંગ્લાદેશ, મ્યાનમાર, નેપાળ, ભૂતાન, માલદીવ, મોરેશિયસ, સેશેલ્સ, શ્રીલંકા, બહેરીન, બ્રાઝિલ, મોરોક્કો, ઓમાન, ઈજિપ્ત, અલ્જીરિયા, દક્ષિણ આફ્રિકા, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, અફઘાનિસ્તાન, બારબાડોસ, ડોમિનિકા, મેક્સિકો, ડોમિનિકન રિપબ્લિક, સાઉદી અરેબિયા, અલ સાલ્વાડોર, આર્જેન્ટીના, સર્બિયા, મંગોલિયા, યુક્રેન, ઘાના, આઈવરી કોસ્ટ, સેન્ટ લુસિયા, સેન્ટ કિટ્સ એન્ડ નેવિસ, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈંસ, સૂનીનામ, એંટીગુઆ અને બાર્બુડા, ડીઆર કોંગો, અંગોલા, ગામ્બિયા, નાઈજીરિયા, કંબોડિયા, કેન્યા, લેસોથો, રવાન્ડા, સાઓ ટોમ એન્ડ પ્રિન્સિપી, સેનેગલ, ગ્વાટેમાલા, કેનેડા, માલી, સુદાન, લાઈબેરિયા, મલાવી, યુગાન્ડા, ગુયાના, જમૈકા, યુનાઈટેડ કિંગડમ, ટોગો, જિબુટી, સોમાલિયા, સેરા લિયોન, બેલીઝ, બસ્તાવાના, બસ્તોવાના, મોઝામ્બિક, ઈથોપિયા અને તાજિકિસ્તાનનો સમાવેશ થાય છે. તમને જણાવી એ વાત જણાવી એ છે કે ભારતે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવેલા અનુક્રમે ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાના કોવિશિલ્ડ અને કોવેક્સિનને મંજૂરી આપી દીધી છે.

# હિમાચલ પ્રદેશના ચંબામાં બસ ખીણમાં પડતાં દુર્ઘટના : ૭ના મોત



ચંબા,તા.૧૦

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં બુધવારની સવારે દૂર્ગમ વિસ્તાર તીસામાં એક ખાનગી બસ અનિયંત્રિત થઈને ખીણમાં પડી ગઈ. માહિતી મુજબ બસમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. દૂર્ઘટનામાં સાત લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. વળી, લગભગ ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થઈ ગયા છે. પોલિસના જણાવ્યા અનુસાર પોલિસે ઘાયલોને હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે. પોલિસ અને પ્રશાસનના અધિકારી સાથે સ્થાનિક લોકો પણ બચાવ કાર્યમાં લાગી ગયા છે. મુખ્યમંત્રી જયરામ ઠાકુરે દૂર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યુ છે. મુખ્યમંત્રીએ કહ્યુ કે દૂર્ઘટનામાં મૃતકોના પરિવારને ચાર-ચાર લાખ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે. આ ઉપરાંત ઘાયલોને પણ દરેક સંભવ મદદ કરવામાં આવશે.

માહિતી મુજબ બુધવારે સવારે લગભગ ૧૦ વાગે તીસાના કૉલોની વળાંક પર બસ નિયંત્રણ ગુમાવીને ખીણમાં પડી ગઈ. બસમાં લગભગ ૨૦ લોકો સવાર હતા. બસમાં કૉલેજના સ્ટુડન્ટ્સ પણ સવાર હતા. દૂર્ઘટના એટલી ભીષણ હતી કે બસના ફૂરચેફૂરચા ઉડી ગયા. બસની છત અને સીટો પણ અલગ અલગ થઈ ગઈ. દૂર્ઘટના બાદ સ્થાનિક લોકો ઘટના સ્થળે પહોંચ્યા અને મામલાની સૂચના પોલિસને આપી.

# સાયલન્ટ કિલર સબમરિન 'કરંજ' નૌસેનામાં વિધિવત રીતે સામેલ

**આ સબમરીનનો કમિશનિંગ પ્રોગ્રામ મુંબઈના નેવી ડોકયાર્ડ ખાતે યોજાયો : સબમરીન સમુદ્રની અંદર ખાણ મૂકીને દુશ્મનનો નાશ કરવાની ક્ષમતા, ચીન-પાકિસ્તાનના હોશ ઊડશે**

મુંબઈ,તા.૧૦

ભારતીય નૌકાદળની તાકાત વધારવા માટે સ્કોર્પિન કલાસની ત્રીજી સબમરીન આઈએનએસ કરંજ આજે એટલે કે બુધવારે નૌકાદળના કાફલામાં જોડાઈ છે. આઈએનએસ કરંજ પહેલા આઈએનએસ કાલવરી અને આઈએનએસ ખંડેરી નેવીને સોંપવામાં આવ્યા હતા. નૌકાદળને ૬ સ્કોર્પિન કલાસ સબમરીન સોંપવાની છે, જેમાંથી ત્રણને સોંપવામાં આવી છે અને ચોથી આઈએનએસ વેલાને પરીક્ષણ માટે મોકલવામાં આવી છે. કરંજ સબમરીન કોલ્વેરી-કલાસ ડીઝલ ઈલેક્ટ્રિક સબમરીનમાંથી ત્રીજી સબમરીન છે જેણે ૨૦૧૭ થી નૌકાદળમાં કામગીરી શરૂ કરી.

કરંજ એ એક નાનું સબમરીન છે જેની લંબાઈ ૭૦ મીટર છે. તેની ઉંચાઈ ૧૨ મીટર છે. પરમાણુ શક્તિ દ્વારા સંચાલિત સબમરીન અરિહંત સાથે આની તુલના કરી શકાતી નથી, જોકે સબમરીનનો આ વર્ગ તેના પોતાના અલગ ફાયદા ધરાવે છે.

અણુશક્તિ દ્વારા સંચાલિત આ સબમરીન લાંબી અને ભારે છે. આ સબમરીનનું વજન આશરે ૧૬૦૦ ટન છે. આ સબમરીન સમુદ્રની અંદર ખાણ મૂકીને દુશ્મનનો નાશ કરવાની શક્તિ ધરાવે છે.

● અનુસંધાન પાન-૭ પર

Vશાલ
SUPER MARKETની આજ
ફોર્ચ્યુન સન ફ્લાવર
૧૫ લિટર
૨૪૫૦/-રૂ.
MRP ૩૦૨૦/-
સેક્ટર-૬/કુડાસણ

નોકરી

**Technician (Electronics)- 10 :** ITI Electronic Mechanic ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ જરૂરી.

**હેલ્પર - ૨૦ :** ITI / HSC / SSC કે કોઈપણ કંપનીમાં હેલ્પરનો ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ જરૂરી તેમજ શિફ્ટમાં કામ કરવા માટે રસ ધરાવનારને પ્રથમ પસંદગી

**Assembly Supervisor-5 :** Production & Assembly line માં ઓછામાં ઓછો ૧ વર્ષના સુપરવિઝનનો અનુભવ જરૂરી.

**Apprentice** (Fitter,Electronics Mechanic,P.P.O) - **10**

રસ ધરાવતા ઉમેદવારોએ નીચેના સરનામે પોતાના બાયોડેટા સાથે ૧૧ વાગ્યા થી બપોરે ૧ વાગ્યા સુધીમાં રૂબરૂ મળવું

**Accumax Lab Devices Pvt. Ltd.**
Plot No. 16, GIDC Electronic Park - SEZ, Kolavada Road, Gandhinagar-382026, Gandhinagar, Gujarat.
M. 9924474433, Email : career@accumaximum.com

